સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

નોરતાં માં નાહ્યા, દિવાળી દ્વાર ખટખટાવે છે,
વગર ટાઢે વેપારીઓ દાંત કચકચાવે છે,
ચટપટાવે માર ભાવોનો તૂટતાં અર્થતંત્રે -
આગાહીઓ પણ, ખાતાં પાસે પૂંછ પટપટાવે છે...

હાઈકુ

સમુદ્રો પણ -
લ્યો ! લાવે છે દબાણો -
લાગ જોઈને...

ખોટાં દબાણો -
લાગવગે ઢાંકી દે
સત્યનો સૂર્ય...

ચિંતન

लक्ष्मीर्वसति जिह्वाग्रे, जिह्वाग्रे मित्रबान्धवाः ।
जिह्वाग्रे बन्धनं प्राप्तं, जिह्वाग्रे मरणं ध्रुवम् ॥

ઉપરોક્ત શ્લોક નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.

વાણી અને મનુષ્ય જાતને મળેલાં મોટામાં મોટા વરદાનની સાથે સાથે અભિશાપ પણ છે. આપણે આ જિહ્વાનો સદુપયોગ કરી સત્ય અને મધુર વાણી બોલી શકીએ છીએ. પરંતુ મોટાભાગે આપણે તેનો ઉપયોગ અસત્ય અને કટુ વાણી બોલવામાં જ કરતા હોઈએ છીએ.

મનુષ્ય પોતાની વાણીથી જ પ્રિય અને અપ્રિય બનતો હોય છે. જિહ્વાના અગ્રભાગે લક્ષ્મીજી બિરાજમાન હોય છે. મધુર વાણીથી જ મિત્રો અને બંધુઓ પણ આવી મળતા હોય છે. આ જિહ્વાના દુરુપયોગ દ્વારા બંધનની પ્રાપ્તિ પણ થઈ શકે છે અને ઘણીવાર ઉગ્ર બોલાચાલી હિંસામાં પરિણમતી હોય છે. એટલા માટે હંમેશા સહુને પ્રિય લાગે તેવી હિતકારી અને મધુર વાણી બોલવી જોઈએ.

આપણે પ્રભુના નામમાં જિહ્વાને રસતરબોળ કરી દઈશું, પછી તે મધુર વચન સિવાય બીજું કંઈ બોલી શકશે નહિ.

સુવિચાર

- વિપત્તિઓની ગરમીથી દુ:ખીની આંસુમાં આંસુ શોષાઈ જાય એ પૂર્વે જ આપણા હાથોથી તે આંસુ લુછાઈ જાય એ બહેતર છે - **અમૃતબિંદુ**
- જયાં સુધી માણસની અંદરનો પશુ જીવે છે ત્યાં સુધી શસ્ત્રોની જરૂર રહેશે - **રમેશ ઓઝા**
- મુસ્કુરાકર દેખને ઔર દેખ કર મુસ્કુરાને મેં બડા ફર્ક હે, નીતેજ બદલ જાતે હૈ, ઓર ... કભી કભી રિશ્તે ભી - **નિશાર અહેમદ**
- હું નમું છું બધઆની સામે કેમ કે, મારે વટ નહીં સંબંધ રાખવો છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આ વિશ્વમાં સોનું, ગાયુ અને જમીનનું દાન આપનારા ઘણા છે, પણ પ્રાણીઓને અભયદાન આપનારા દુર્લભ છે - **ભર્તુહરિ**
- મંઝિર પાના તો બહુદ દૂર કરી બાત હૈ, ગુરુર મેં રહોગે તો રાસ્તે ભી ન દેખ પાઓગે - **અકબર જલાલપુરી**
- આજનું ઔષધ : દાઝ્યા ઉપર સફેદ તલ વાટીને પોટીસ બાંધવાથી બળતરા ઓછી થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

કદી ભગવાન કે ઈશ્વરીય શક્તિમાં આસ્થા ન રાખનાર એક પર્તવારોહક એકલો ઊંચા બરફના પહાડ પર ચડવા નીકળી પડ્યો. માત્ર હું જ આવી કરી શકું એવા મનોભાવ સાથે તે એકલો નીકળ્યો. અમાસની અંધારી રાત હતી કોઈ પણ જાતનો પ્રકાશ ન હતો. તેમ છતાં ઘોર અંધારામાં પર્વત પર ચઢવાનું ચાલુ રાખ્યું. શિખર પર ચડવામાં થોડું જ અંતર હતું ત્યાં એને ઠોકર વાગી અને સમતુલન ગુમાવ્યું. અને સડસડાટ તે નીચે ગબડવા લાગ્યો. અંધારામાં કંઈ દેખાતું ન હતું અને બચાવવા વાળું કોઈ પણ કોઈ ન હતું. મોત જાણે હમણાં આવશે એવું હતું. સાથે લીધેલું એનું દોરડું કયાંક ઝાડ સાથે ભરાઈ રહ્યું અને અચાનક એનું પડવાનું રોકાઈ ગયું. દોરડું મજબૂતીથી પકડીને એને ભગવાન યાદ આવ્યા. કારણ કે હવે મોત નજીક હતુ અને ભગવાન સિવાય કોઈ સહારો ન હતો. એણે ભગવાનને યાદ કર્યા. 'હે ભગવાન મને બચાવો' અત્યાર સુધી કદી ભગવાન યાદ ન આવ્યા અને હવે ભગવાન યાદ આવ્યા. ભગવાને એની પ્રાર્થના સાંભળી. ભગવાને એને કહ્યું, 'જીવતા રહેવું હોય તો જે દોરડું તેં પકડ્યું છે તે કાપી નાખ.' પર્વતારોહક દોરડાના સહારે તો લટક્યો હતો. એણે ભગવાનની સલાહ અવગણી અને દોરડા સાથે લટકતો રહ્યો.' બીજે દિવસે જયારે બચાવ ટુકડી ને એનું બરફમાં થીજી ગયેલું મૃત શરીર મળ્યું ત્યારે એ જમીનથી બે ફુટ ઊંચે જ લટકતું હતું. જાણએ તેણે ઈશ્વરનો અવાજ સાંભળીને દોરડું કાપી નાખ્યું હોત તો તે જમીન પર પહોંચીને જાતને બચાવી શક્યો હોત. પણ તેણે ઈશ્વર પર ભરોસો ન રાખતા દોરડા પર ભરોસો રાખ્યો અને મૃત્યુ પામ્યો.

ત્રિપુરામાં બલિપ્રથા પર પ્રતિબંધ : અદાલતનો આવદારદાયક નિર્ણય

તંત્રીસ્થાનેથી...

કેટલીક અવાંછનીય અને ક્રૂરતાપૂર્ણ પરંપરાઓ માનવજાતના અજ્ઞાન અને અંધવિશ્વાસની પ્રતીતિ કરાવે છે. ધર્મના નામે ચાલતી પરંપરાઓ તોડવી અને રૂઢ થઈ ગયેલા જનમાનસમાં એથી ઉત્પન્ન થતા અકારણ ભય સામે ઝઝૂમવું તે ખાવાના કેલ નથી. ત્રિપુરા નાનકડું હિંદુબહુલ રાજય છે અને ત્યાંનાં અધિષ્ઠાત્રી દેવી ત્રિપુરેશ્વરી છે. શ્રદ્ધાળુ રાજવી તરફથી ત્રિપુરેશ્વરી દેવીને દરરોજ બલિ ચઢાવાય છે. અગાઉ તો માનવબલિ પણ અપાતો. આ ક્રૂર અને અમાનુષી પ્રથા અટકાવવા કરુણાશીલ પ્રબુદ્ધ નાગરિકો અને અધિકારીઓ અગાઉ પણ પ્રયાસ કરી ચૂક્યા છે, પરંતુ તેઓ માત્ર માનવબલિ અટકાવી શક્ય છે. નિર્દોષ, મૂંગા, પશુપક્ષીઓની બલિ તો રોજેરોજ સેંકડોની સંખ્યામાં અપાતો રહે છે. આમાં પેઢીઓથી ચાલી આવતી અંધશ્રદ્ધા અને બલિ ન ચડાવીએ તો દેવી કોપશે - એવી ભૂલભરેલી માન્યતા જવાબદાર છે. બલિપ્રથા એ માનવીની હિંસક વૃત્તિની નીપજ છે. એક તરફ દયા, કરુણા અને મૈત્રી જેવા ઉચ્ચતર ગુણોની તરફેણ કરતા હિંદુ ધર્મમાં આ દૂષણ કેવી રીતે ઘૂસી ગયું તે સંશોધનનો વિષય છે. મૂળભૂત એ ભૌતિક સુખો ખાતર કંઈ પણ ખોટું કરતાં અટકાતો નથી. જીભના ચટૂકડા ધર્માધ્યાક્ષોએ પ્રાણીઓના બલિદાન વગર દેવી ખુશ નહીં રહે એળું જનસાધારણના દિમાગમાં ઠસાવી દીધું અને ધર્મના નામે આ ક્રૂર પ્રથા શરૂ થઈ હશે. ઈસ્લામમાં હજયાત્રાની પૂર્ણાહૂતિ બકરી ઈદના લોહિયાળ ઉત્સવથી થાય છે તેમ શક્તિપૂજકો એમની વર્ષો જૂની પરંપરા મુજબ માતાજીને કોઈને કોઈ જીવનો ભોગ ધરી રીઝવવા પ્રયાસ કરે છે. આ ક્રૂર પ્રથા અટકાવવી એ લોઢાના ચણા ચાવવા જેવું કામ છે. કોલકાતાની કાલી મંદિર આગળ સંત વિનોદા ભાવે આવી પ્રથા અટકાવવા ઉપવાસ પર બેઠા હતા ત્યારે બંગાળી હિંદુઓએ એમના પર પથ્થરમારો કરી ઉઠાડી મૂક્યા હતા. આસામમા કામાખ્યા મંદિરમાં રોજેરોજ હજારોની સંખ્યામાં પશુપક્ષી હોમાતાં રહે છે. ધર્મના નામે ચાલતી આવી ક્રૂર પ્રણાલી સામે ત્રિપુરા હાઈકોર્ટે શકવર્તી ચુકાદો આપી સમગ્ર રાજયમાં કોઈ પણ મંદિરમાં આવા બલિ નહીં ચઢાવવાનું ફરમાન કર્યું છે. ત્રિપુરેશ્વરી સહિતનાં મંદિરોમાં તત્કાળ સીસીટીવી કેમેરા લગાડી આવું હિંસક કૃત્ય થતું અટકાવવાનો અદાલતનો પ્રયાસ ખરેખર આવકારદાયક છે. પરંતુ ત્યાંના હિંદુઓ અને શાસક ભારતીય જનતા પાર્ટીના જ નેતાઓને અદાલતનો આદેશ ધાર્મિક લાગણી દૂભવનારો લાગ્યો છે ? શું દેશના વડાપ્રધાન અને ગૃહપ્રધાન આ મુદ્દે અદાલતના ક્રાંતિકારી આદેશનું પાલન કરાવવા કૃતસંકલ્પ છે? કે પછી સ્થાનિક રાજકારણને વશ થઈ અબોલ જીવોની અકારણ હત્યા ચાલુ જ રખાવવામાં સામેલ થઈ જશે ? અદાલતે બહુ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે માતાજીને રાજી રાખવા બલિદાન ચઢાવવું અનિવાર્ય નથી અને બંધારણ પણ કોઈને આવા અધિકારો આપતું નથી.

બેંક દેવાળુ ફુંકે તો ખાતાધારકને એક લાખ જ મળી શકે

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

બેન્કીંગ રેગ્યુલેશન એકટ ૧૯૪૯ મુજબ બેન્ક દેવાળુ ફુકે તો ખાતાધારકને માત્ર રૂા.૧૦૦૦૦૦ જ વળતર મળી શકે. કો.ઓ.બેન્કોના કૌભાંડના કારણે મહારાષ્ટ્રમાં ઘણા લોકોના નાણા બેન્કમાં ફસાયા છે. પંજાબ અને મહારાષ્ટ્ર કો.ઓ. બેન્ક સામે રીઝર્વ બેન્કે છ મહિનાનો પ્રતિબંધ લગાવ્યો છે જેનાથી નિર્દોષ ખાતા ધારકોના નાણા ફસાયા છે છતા નાણા પોતાના હોવા છતાં ખાતા ધારકો વ્યવહાર કરી શકશે નહિ બેન્કે બેન્કીંગ રેગ્યુલેશન એકટ ૧૯૪૯ ની કલમ ૩૫ એ અંતર્ગત આ આદેશ ફરમાવ્યો છે. ખાતા ધારકો છ મહિના સુધી માત્ર ૧૦૦૦૦ રૂા. જ બેન્કમાંથી કાઢી શકશે પરંત હાલ આ બેન્કમાં ખાતુ ધરાવનારની તમામ રકમ સુરક્ષીત હોવાનો ભરોસો આપવામાં આવે છે.

રીઝર્વ બેન્કનો પ્રતિબંધ છ મહિના સુધી લાગુ પડશે આ દરમ્યાન બેન્ક લોન આપી શકશે નહિ કે નાણાનું કોઈપણ જગ્યાએ રોકાણ કરી શકશે નહિ એટલે બેન્કની આવક સ્થગિત થઈ જશે જેનો ભોગ શેરધારકો થશે. રીઝર્વ બેન્કે તાજેતરમાં પંજાબ અને મહારાષ્ટ્ર કો.ઓ. બેન્કના ૨૫૦૦૦ કરોડના કથીત કૌભાંડનો ભાંડો બહાર આવતા આ પગલા ભર્યા છે. બેન્કો ઉપર કોઈપણ પ્રકારના વ્યાપારીક લેવડ દેવડ ઉપર પ્રતિબંધ છ માસ માટે લાદ્યો છે. આથી બેન્કના રોકાણકારો અને વેપારીઓને મોટો ફટકો પડ્યો છે. કેટલાક નિવૃત્ત કર્મચારી વધારે વ્યાજની આશાએ કો.ઓ. બેન્કમાં પોતાની મુડી મુકી વ્યાજમાં ઘર ચલાવતા હોય છે તેમને આર્થિક ફટકો પડશે.

રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાના નિયમ મુજબ જો દેશમાં કોઈ કાર્યરત બેન્ક દેવાળુ ફુંકે તો ગ્રાહકને ફકત એક લાખ રૂપિયા સુધી જ પરત મળી શકે છે. રીઝર્વ બેન્કના નિયમ મુજબ જો બેન્કનું લાયસન્સ કોઈ કારણસર રદ થાય છે તો પછી ગ્રાહકોની જમા રકમ પરત મળવા પર કોઈની જવાબદારી રહેતી નથી. બેન્કનું લાયસન્સ ચાલુ રહેવા સુધી જો કોઈ કારણસર બેન્ક ડુબી જાય છે તો પછી એક લાખ રૂપિયા સુધીની જ રકમ બેન્ક ખાતાધારકોને પરત આપે છે.

રીઝર્વ બેન્કના માલીકીવાળા ડીપોઝીટ, ઈન્સ્યોરન્સ એન્ડ ક્રેડીટ ગેરંટી કોર્પોરેશનના નિયમ અનુસાર દેશમાં કાર્યરત તમામ બેન્કોનો વિમો હોય છે. આ વિમો બેન્કમાં ખાતુ ધરાવતા લોકોની જમા રકમ ઉપર હોય છે જો કે બેન્કનું લાયસન્સ રદ થઈ થાય તો પછી કોઈ જ પ્રકારનો વિમો ખાતાપર પ્રભાવિત થતો નથી. આ નિયમ તમામ સરકારી, ખાનગી અને સહકારી બેન્કો ઉપર લાગુ પડે છે. તમામ નિયમોની યાદી બેન્કોની વેબસાઈડ ઉપર મોજુદ છે પરંતુ બેન્કમાં ખાતુ ખોલાવનાર તમામ વ્યક્તિ આનાથી અજાણ હોય છે અથવા આટલી કાળજી કોઈ જ ગ્રાહક રાખતો હોતો નથી. આખો દેશ વિશ્વાસ નામના વહાણ ઉપર ચાલે છે કયારેક ચઢતી પડતીમાં વહાણ ડુબી જાય તો મુસાફરોની હાલત સમજી શકો છો. મોટા ભાગે સહકારી બેન્કોમાં વાડ જ ચીભડા ગળતા હોય છે. જામીન વગરની લોન બિન પરત લોન મોટો ભાગ ભજવે છે.

અનિયમિતતાના આરોપસર હાલમાં તો રીઝર્વ બેન્કે મહારાષ્ટ્રની બે બેન્કો ઉપર છ માસ માટે વ્યાપારીક પ્રવૃત્તિ ઉપર પ્રતિબંધ લાદ્યો છે પરંતુ આ કાયમી ઉકેલ નથી. નાના નાના રોકાણ કરતા તથા રોજબરોજના વ્યવહારોવાળાના વ્યવહારો અટકતા માર્કેટ ઉપર અસર ચોક્કસ પડશે અને નાણાભીડ અનુવાશે. રીઝર્વ બેન્ક દ્વારા આવી કાર્યવાહી બેન્કીંગ રેગ્યુલેશન એકટ ૧૯૪૯ ની કલમ ૩૫ અ અંતર્ગત લગાવ્યો છે.

પંજાબ અને મહારાષ્ટ્ર કો.ઓ. બેન્કમાં હાલમાં ૧૧ હજાર કરોડ જમા પડયા છે. છ રાજયો મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક, ગુજરાત અને મધ્યપ્રદેશમાં બેન્કોની કુલ ૧૩૭ શાખાઓ આવેલી છે. આ પ્રતિબંધની અસર ગુજરાતમાં પણ થશે તે નક્કિ છે. હાલમાં બજારમાં મંદિ ચાલે છે તેમાં બેન્કોના આવા કૌભાંડો જનતાની કમર તોડી નાંખશે. ગ્રાહકોએ સમજયા જેવી વાત છે. સાવધાની એકજ આખરી ઉપાય એક જ બેન્કમાં બધી મુડી રાખવા કરતા અલગ અલગ જગ્યાએ તથા નેશનલાઈઝેશન બેન્કમાં તથા પોસ્ટમાં જ પોતાની મુડી રાખવી જોઈએ જે સરકારના હાથમાં સલામત રહે છે. અલગ અલગ બેન્કમાં રકમો જમા હોવાથી એક બેન્ક ઉઠી જતા તમામ મુડીનું જોખમ રહેતું નથી તથા વ્યવહારો અટકતા નથી બન્ને બેન્કો પાસે હાલ ૮૩૮૩૩ લોન છે જેની અસર પડશે તથા રીકવરી ઉપર પણ અસર થતા બન્કીંગ વ્યવહારો ભવિષ્યમાં પણ ખોટવાશે. હાલમાં બેન્ક તેની કોઈપણ સંપ્તિ વેચી શકશે નહી તેમજ કોઈપણ પ્રકારની લોનો આપી શકશે નહિ જો રીઝર્વ બેન્ક લાયસન્સ રદ કરશે તો તેનો ભોગ આવનાર સમયમાં નાના ખાતા ધારકો બનશે.

જાગ તો નાદાન, વીતી રાત આખી ઊંઘમાં, આયખું એમ જ ઘટી જાશે કદી કીધો વિચાર...?

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

આ સામાન્ય માણસ
સાઠ કરોડમાંનો એક હિન્દુસ્તાનનો,
કરોડરજ્જુ વિનાનો.
ચોકી પર સંકોચાઈને ચૂપ બેસનારો, ગાયના જેવો -
ભોળો, મિનિસ્ટરોનાં લિસ્સાં લિસ્સાં ભાષણોને સાચ્ચા માનનારો
ને વળી તાળી પણ પાડનારો
ચૂંટણી વખતે જોરજોરથી 'જયહિન્દ' બોલનારો.
બધું ભૂલી જનારો, ગળી જનારો
કચડાયેલો
પણ રોજ સવારે કોણ જાણે શી રીતે
હસતો ઊઠનારો...

- વિપિન પરીખ

આપણા આ દેશમાં એક તરફ જયાં વિશ્વના સૌથી વધુ ધનિકોમાં જેની ગણના થાય છે તેવા મુકેશ અંબાણી જેવા લોકો પણ વસે છે અને જેને અથાક પરિશ્રમ અને મહેનત છતાં બે ટંકના રોટલાની વ્યવસ્થા થઈ શકશે કે કેમ એની ચિંતા છે એવા પણ લોકો છે! એક ભયંકર અસમાનતાની ઊંડી ખીણ જેવી આ પરિસ્થિતિ છે. સમય જેમ-જેમ બદલાતો જાય તેમ દરેકના જીવનમાં કંઈક નાવિન્ય અને પરિવર્તન આવ્યા જ કરતું હોય છે. પણ આ ગરીબ અને સામાન્ય વર્ગના લોકો આજીવન એકધારું યંત્રવતક કામ કર્યા જ કરે છે. પહેલાના સમયમાં સ્ત્રીઓની સ્થિતિ કંઈક અંશે આ પ્રકારની હતી. પણ હવેના સમયમાં ઘરના રોજિંદા કામમાંથી રજા પાડવાનો કે તેમાંથી થોડો બ્રેક લેવાનો હક આજની સ્ત્રીને મળ્યો છે. પણ આજેય હજુ આ સામાન્ય વર્ગના રોજિંદા કામ કરનારા વર્ગ માટે એવો સમય આવ્યો નથી.

આપણા ઘરે કામ કરવા આવનાર, દૂધ આપવા આવનાર, કચરો લેવા આવનાર, છાપું નાખવા આવનાર આ તમામ લોકો અનરાધાર વરસાદ કે અસહ્ય તાપ હોય તો પણ પોતપોતાનું કામ એક પણ રજા લીધા વિના કર્યા જ કરે છે. આ તમામ પર આપણે એટલા બધા નિર્ભર છીએ કે આપણને તેમના વિના ચાલતું જ નથી અને છતાં પણ એમની આ નિયમિતતાની નોંધ લેવી કે તેને બિરદાવવી એ તરફ આપણું બિલકુલ ધ્યાન જતું નથી. એક સુંદર અને સુખી સમાજજીવન કેવું હોય તે આપણે વર્ષા પટેલ દ્વારા લિખીત આ લેખમાં જોઈ શકીએ છીએ :

હમણાં મારે ઈઝરાયેલમાં મહિનો એક રહેવાનું થયું. ત્યાં એક કિબુત્ઝમાં અમે રહેતા હતા. કિબુત્જ એટલે સહકારી ગામ. ત્યાં ગામના બધા લોકો એક રસોડે જમે. ગામ આખાની આવક સહિયારી, તો ખર્ચ પણ સહિયારું. દરેકને પોતાની મહેનતના પ્રમાણમાં દામ મળે, એવી અસમાનતા પણ નહીં. કારણ કે મહેનત કરવાની શક્તિ બધામાં એકસરખી નથી હોતી. દરેક વ્યક્તિની જરૂરિયાત અને ગામની શક્તિ, એ બેયનો મેળ બેસાડીને ત્યાં સૌને સગવડો આપવામાં આવે છે.

ગામમાં સારાહ નામની મારે એક બહેનપણી. એના પતિનું નામ ઈઝી. એ ભાઈ કૉલેજના છેલ્લા વરસમાં અભ્યાસ કરે. ગામથી ૪૦ કિલોમીટર દૂર તેલ-અવીવ શહેરમાં રોજ ભણવા જાય.

એક દિવસ મેં સારાહને સહેજે પૂછ્યું, 'ઈઝીને ભણવાનું ખર્ચ તો ગામ તરફથી મળતું હશે ને ?'

સારાહ કહે, 'ના, મારા સસરા અમેરિકા છે; ઈઝીના અભ્યાસ માટે એ ત્યાંથી પૈસા મોકલે છે.'

મને જરા નવાઈ લાગી : 'કિબુત્ઝમાં તો માણસનો બધો ખર્ચ ગામ જ ભોગવતું હોય છે ને?'

સારાહે સમજાવ્યું કે, 'ગામમાંથી આઠેક જણ ભણવા જાય છે. હાઈસ્કૂલ સુધીના અભ્યાસ માટેની બધી સગવડ સૌને ગામ તરફથી મળે છે. ઉચ્ચ શિક્ષણ માટેનો ખર્ચ પણ ગામ ભોગવે. પરંતુ એવા શિક્ષણ માટેનો ખર્ચ ગામ જેટલાં વરસ ભોગવે, તેનાથી ત્રણ ગણાં વરસ એ વિદ્યાર્થીએ ગામના સભ્ય તરીકે રહેવું પડે, એટલી શરત હોય છે. જો એવું ન હોય તો પછી લોકો ગામને ખરચે ઉચ્ચ શિક્ષણ લે અને પછી ગામ છોડીને પોતાને જયાં વધુ લાભ મળે ત્યાં જતા રહે, એવું બને.'

મેં કહ્યું, 'તો ઈઝીનો અભ્યાસ પૂરો થાય પછી આ ગામ છોડીને બીજે જવાનો તમારો વિચાર હશે, એટલે તમે શિક્ષણ સહાય નથી લેતાં.'

સારાહ કહે, 'હજી એ નક્કી નથી; કદાચ ગામ છોડીએ પણ ખરાં.'

'બહાર વધુ આવક મળતી હોય તો આવો વિચાર આવે તે સ્વાભાવિક છે.' હું બોલી.

સારાહે ખુલાસો કરતાં કહ્યું,'અહીં કિબુત્ઝમાં અમને કોઈ કમીના નથી. ખાવાપીવાના ભર્યા ભંડાર છે. હાથખરચીની સારી એવી રકમ મળે છે. વળી અમને જ બહુ પૈસા કમાવાની હોંશ નથી. નહીંતર મારા સસરા અમેરિકામાં પોતાના ઉદ્યોગમાં જોડાવા બોલાવ્યા જ કરે છે, ત્યાં જ ન જઈને?'

'તો પછી અહીં દિલ નહીં ચોંટતું હોય, એટલે ગામ છોડવાનો વિચાર આવતો હશે.'

સારાહ કહે, 'એક રીતે એમ કહી શકાય ખરું. બાકી, મારો તો જન્મ જ આ ગામમાં થયેલો. મારાં માબાપ અને ભાઈઓ પણ ગામમાં જ છે. ઈઝીને ચાહનારા અનેક મિત્રો છે. અહીંનું વાતાવરણ મને ખૂબ ગમે છે. એ રીતે જુઓ તો અમે અહીં બધી વાતે સુખી છીએ. પણ,બહેન, ઈઝીને સુખ સતાવે છે! અહીંનું સુખ તે સહી શકતો નથી.'

'સુખ સહી ન શકાય, એવું તે હોતું હશે ?'

મારા એ પ્રશ્નના જવાબમાં સારાહ બોલી, 'અમારું આ સુખ આખા રાષ્ટ્રનું સુખ બની રહે, એવી ઈઝીને લાગતું નથી. આમ તો ઈઝરાયેલમાં સહકારી ગામ વસાવવાનું ૭૦ વરસથી ચાલે છે. એવાં મોટા ભાગનાં ગામ ભૂમધ્ય સમુદ્રને કિનારે ખડાં થયાં છે. એમાં યહૂદીઓ જ રહે છે. એમના પુરુષાર્થને લીધે આ બધાં કિબુત્ઝ નંદનવન શાં બન્યા છે. પણ આરબો ઈઝરાયેલના રણપ્રદેશમાં વસેલાં છે. એમનાં સહકારી ગામડાં નથી. ત્યાં રણ વિસ્તારમાં પાણી, વીજળી, રસ્તાની સગવડ નથી. ત્યાં તે ફક્ત આરબો. અને અહિં કિબુત્ઝમાં છે એકલા યહૂદીઓ. ઈઝરાયેલ જાણે કે બે ટુકડામાં વહેંચાઈ ગયું છે. જયાં મુખ્યત્વે આરબોની વસતી છે એવા વિસ્તારના લોકોમાં પોતાનું સ્વતંત્ર રાજય સ્થાપવાની ભાવના ફેલાતી જાય છે. એને રોકવી હોય, ઈઝરાયલની એકતા - અખંડિતતા ટકાવી રાખવી હોય, તો ઈઝી કહે છે કે યહૂદીઓએ જઈને આરબોના વિસ્તારમાં વસવાટ કરવો જોઈએ. એમની સાથે મળીને ત્યાં પણ સુખસગવડ માટે પુરુષાર્થ કરવો જોઈએ. દેશની એકતા માટે અમારા જેવા કેટલાકે સ્વેચ્છાએ પોતાનાં સુખ છોડવાં પડશે. માટે ઈઝી અને તેના થોડા મિત્રો રણવિસ્તારમાં જઈ નવું કિબુત્ઝ રચવાનું વિચારે છે.'

આ લેખ આપણને સૌને આપણી જાતમાં જ એક ડોકિયું કરવાનું સૂચને છે. આપણે આ અંગે નાનું એવું પણ એકાદ ડગલું ભરી શકીશું તો લાંબાગાળે તેની સકારાત્મક અસર આખાયે સમાજને ઉજળું કરી શકશે.

Last Seen :

હર પ્રભાત ચેતવે છે કૂકડાઓની પુકાર,
જો ઉષાના દર્પણે તારા જીવન કેરો ચિતાર;
જાગ તો નાદાન, વીતી રાત આખી ઊંઘમાં,
આયખું એમ જ ઘટી જાશે કદી કીધો વિચાર...?

- ઉમર ખય્યામ (અનુ. 'શૂન્ય' પાલનપુરી)

- nehalgadhavi101@gmail.com

નવરાત્રિ દરમિયાન માની ઉપાસના

પ્રસંગસર
અનંત પટેલ

નવરાત્રિનું પર્વ એ મા આધશક્તિની ઉપાસનાનું પર્વ છે. નવરાત્રિની નવ દેવીઓ નીચે મુજબ છે;

૧. શ્રી શૈલપુત્રી
૨. શ્રી બ્રહ્મચારિણિ
૩. શ્રી ચન્દ્રઘન્ટા
૪. શ્રી કુષ્માંડા
૫. શ્રી સ્કંદમાલા
૬. શ્રી કાત્યાયની
૭. શ્રી કાલરાત્રિ
૮. શ્રી મહાગૌરી
૯. શ્રી સિધ્ધિદાત્રી.

નોરતાં એટલે માની પૂજા અને વંદનાની નવ રાત્રિનો સમૂહ. જેમાં મુખ્ય આસો માસની અને ચૈત્રમાસની નવરાત્રિ છે.ચૈત્રની નવરાત્રિ વસંતથી ગ્રીષ્મ તરફના મોસમના ગમન અને આસોની નવરાત્રિ શરદથી શિયાળા તરફની મોસમ ના પ્રયાણની શરુઆતમાં આવે છે. આ બંને સમય ગાળા ને ધ્યાનથી નિહાળીએ તો એ દરમિયાન લોકો ખાસ કરીને ખેડૂત વર્ગને કામગીરીમાં રાહત મળેલી હોય છે.અને ભક્તિ તો તમે કંઈક અંશે હળવાશ અનુભવતા હો ત્યારે જ વધારે ધ્યાન આપીને કરી શકો. એમાં ય માની - જગદંબાની ઉપાસના કરવાનું કાર્ય માનીએ એટલું સરળ પણ નથી જ. નવરાત્રિ દરમિયાન જે અનુષ્ઠાન કરવામાં આવે છે તે જ તે વ્યક્તિની ચુસ્તતા, ધૈર્ય અને દ્રઢ સંકલ્પની કસોટી રૂપ છે.

- એકમના દિવસે ઘરમાં શુભ ચોઘડિયામાં માતાજીનું સ્થાપન કરવામાં આવે છે.

- ખાસ કરીને માની પૂજામાં બહેનો વધારે રસ તરબોળ બની જતી જોવા મળે છે.

- ઘણા ભાઈઓ પણ નવરાત્રિ દરમિયાન માતાજીનું અનુંષ્ઠાન કરતા હોય છે.

- માતાજીને ફળ સૂકામેવા વગેરેનો શક્તિ મુજબ પ્રસાદ પણ ધરાવવામાં આવે છે.

- કેટલીક બહેનો નવે નવ દિવસ એકટાણું કરે છે તો કોઇ કોઇ બહેન તો કશું પણ લીધા વિના ન કોરડા ઉપવાસ પણ કરે છે.

- તેમની માતાજી પ્રત્યેની શ્રધ્ધા તેમને અનુંષ્ઠાન માટે જરૂરી બળ પૂરુ પાડે છે.

- કેટલીક જગાએ તો બહેનો નવે નવ દિવસ આનંદના ગરબા પણ ગવડાવે છે. આજકાલ આનંદના ગરબા દ્વારા માની ઉપાસના કરવાનું ચલણ ઘણું વધેલુ જણાય છે. આનંદના ગરબામાં માતાજીનો છંદ, દોહરા, સાખીઓ, શ્રી ચામુંડા ચાલીસા, શ્રી બહુચર બાવની, આનંદનો ગરબો, મા બહુચરની સ્તુતિ,માતાજીનો થાળ. માતાજીની ધૂન વગેરેની બહેનો ભક્તિ અને ભાવપૂર્વક રમઝટ બોલાવે છે.નવરાત્રિ દરમિયાન માતાજીની ઉપાસના કરનારે નીચેના નિયમ પાળવા જોઇએ.'- ૧. નવે નવ દિવસ જમીન પર જ સૂવું જોઇએ. ૨. બ્રહ્મચર્યનું સંપૂર્ણ પણે (મન-વચન અને કર્મથી) પાલન કરવું જોઇએ. ૩. માત્ર ફળાહાર જ કરવો જોઇએ. ૪. આ દિવસો દરમિયાન ક્રોધ,લાલચ અને મોહ માયાનો ત્યાગ કરવો જોઇએ. ૬. વહેલી સવારે જ માતાજીની પૂજા અર્ચન વગેરે કરી લેવું જોઇએ.

અંતમાં નવરાત્રિ દરમિયાન માની ઉપાસના કરનાર સર્વે માઇ ભક્ત બહેનો અને ભાઇઓ પર માતાજીની અસીમ કૃપા વરસે એવી પ્રાર્થના.જય માતાજી.

- anantpatel135@yahoo.com